MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

# પ્રારંભિક બાળ વિકાસમાં ભાષા વિકાસ અને સંચાર કૌશલ્યોનો વિકાસ

સંશોધક
ચૌધરી.સુચિતાકુમારી.એસ
એમ.એ.,એમ.એડ.
શિક્ષણશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સીટી.રાજકોટ

## પ્રસ્તાવના

બૌદ્ધિક વિકાસ કે બોધાત્મક વિકાસ માણસની આગળથી ઓળખ છે અને માનસ જ પોતાની આ શક્તિઓ થકી જન્મ આપ્યો છે. ભાષા એક વ્યવસ્થા છે,જે અર્થને ધ્વનીઓ સાથે જોડે છે. આપણે ભાષાની વ્યવસ્થા શીખીએ છીએ ત્યારે ભાષાની અનેક પેટા વ્યવસ્થાઓ શીખીએ છીએ.જેમ કે, એ ભાષામાં કયા ધ્વનીઓ છે,એ કેવી રીતે ઉચ્ચારાય છે,કયા ધ્વનીઓ શબ્દની શરૂઆતમાં આવી શકે,કયા ધ્વનીઓ જોડાઈ ન શકે અને કયા ધ્વનીઓ જોડાઈ ન શકે,આ અંગેના નિયમોથી બનેલી વ્યવસ્થાને ધ્વની વ્યવસ્થા કહેવાય છે. દરેક ભાષાની ધ્વની વ્યવસ્થા અલગ હોય છે. ભાષાની આટલી અટપટી વ્યવસ્થાને સિધ્ધાંત દ્વારા સમજવાનું અઘરું લાગે છે, જેને આપણે તો સહજતાથી પ્રાપ્ત કરી લઈએ છીએ.મનોવિજ્ઞાનીઓને મન એ રસનો વિષય છે કે બાળક કેવી રીતે ભાષા આત્મસાત કરે છે તેને ક્યારે ખબર પડે કે પુરુષ અને સ્ત્રીના ભેદ છે? સજીવ અને નિર્જીવ કોને કહેવાય? મૃત્ત અને અમૃત બાબતો વચ્ચે ભેદ પડતા કયારે શીખે છે? આવા અનેક પ્રશ્નો થઈ શકે છે.

બાળક જન્મે છે ત્યારથી તેના જીવનની વિકાસ યાત્રા શરૂ થાય છે. આ અવસ્થા દરમિયાન બાળકની શારીરિક વૃદ્ધિ ઝડપથી થાય છે.અને તેની સાથે માનસિક તેમજ સંવેગિક વિકાસનો પણ પ્રારંભ આ અવસ્થામાં પરિવાર સાથે થાય છે.તેનીસમાજીક્તાની રીતિઓ  ખુલવા લાગે છે.સાથે જ પ્રત્યેક બાળકનું પોતાનું નિરાળુ વ્યક્તિત્વ ઉભરા આવે છે.તેની પોતાની આવડતો મર્યાદાઓ હોય છે. બાળકને પોતાના આગવા રસ,રૂચી,વલણોને અભીયોગ્યતાઓ હોય છે. બાળક સ્વયંમ શિક્ષક માટે એક મહાગ્રંથ બની જાય છે.

'Child is the book the teacher has to read from pare to pare'

-RRRuso

## ૨. ભાષા અને અંગત બોલી

ભાષા એ જ્ઞાનાત્મક વિકાસ માટે ખુબજ અગત્યનું સાધન પૂરું પડે છે,વિચારો માટે કક્ષાઓ અને ખ્યાલો પુરા પાડે છે.ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચેનો સેતું પૂરો પડે છે.જયારે આપણે સમસ્યા અંગે વિચારીએ છીએ ત્યારે સામાન્ય શબ્દોમાં અને અંશંત: વાકયોમાં વિચારીએ છીએ હકીકતમાં તે અંગત બોલીના સ્વરૂપમાં ભાષા જ્ઞાનાત્મક વિકાસને દોરવા પ્રયત્નો કરે છે.

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

### ૩. ભાષા અને સંચાર કૌશલ્યનો વિકાસ

સામાજિક આંતરક્રિયા એ સમસ્યા ઉકેલ જેવી ઉચ્ચ માનસિક પ્રક્રિયાઓનું ઉદ્દગમ છે. બાળકના સંસ્કૃતિક વિકાસમાં પ્રત્યેક કાર્ય બે વાર જોવા મળે છે.પ્રથમ સામાજિક અને પછી વૈયક્તિક કક્ષાએ,પ્રથમ લોકો વચ્ચે અને પછી બાળકની અંદરની આ પ્રક્રિયાઓ જોવા મળે છે. ભાષા અને સંચાર કૌશલ્યના ઉદ્ભવથી બાળકની પોતાની સંસ્કૃતિ વધુ સક્ષમ બને છે પુખ્ત વ્યક્તિઓ કે વધુ સક્ષમ સમવયસ્કો સાથે વાતચીત કે અંતરક્રિયાઓથી તેના. સંચાર કૌશલ્યનો વિકાસ થાય છે. આ લોકો બાળકને બૌદ્ધિક રીતે વિકસાવવા માટે જરૂરી માહિતી અને આધાર આપીને માર્ગદર્શકો અને શિક્ષકોનું કામ કરે છે.વડીલો બાળકને કાળજી પૂર્વક સંભાળે છે. અને બાળકની સમાજના વિકાસ મટે સાચી મદદ પૂરી પડે છે.

આમ બાળક અચળતત્વ કે વર્ગીકરણની જ્ઞાનાત્મક ક્રિયાઓની શોધમાં એકલું નથી. આ શોધમાં કુટુંબના સભ્યો, શિક્ષકો અને સમવયસ્કોની સહાય મળે છે.મોટા ભાગનું માર્ગદર્શન ભાષા દ્વારા આપવામાં આવે છે. કેટલીક સંસ્કૃતિ આ માર્ગદર્શન કૌશલ્યો યુક્ત ક્રિયાનું અવલોકન કરાવીને આપવામાં આવે છે.

### ૪. બાળકના સંચાર કૌશલ્યનો વિકાસ

સામાન્ય રીતે બાળકો રમત સમયે પોતાની સાથે વાતો કરતા હોય છે.આ બાળકની સ્વ વાતચીતને અહમ કેન્દ્રિત બોલી નામ કહેવાય છે આ અહમ કેન્દ્રિત બોલીએ નાના બાળકો આ વિશ્વને અન્યોની આંખે જોતા નથી. તેની સાબિતી છે.જયારે તેઓ પરિપક્વ થાય છે. ખાસ કરીને તેના સમવયસ્કો સાથે વિચાર ભેદ થાય છે ત્યારે બાળકોમાં સામાજિક બોલીનો વિકાસ થાય છે. તેઓ સાંભળવા અને વિચારોની આપલે કરતાં શીખે છે.

આ અંગત બોલી કે સ્વ-વાત તેને જુદી રીતે સમજાવે છે. આગણગણાટ તેઓના વર્તન અને વિચારોને માર્ગદર્શન આપવા પોતાની જાત સાથે પ્રત્યાયન કરે છે. ખાસ કરીને ૪થી ૫ વર્ષનું બાળક કોમ્બ્રીજનો કે પઝલ્સની રમત એકલું રમત હોય,ત્યારે તે ગણગણાટ કરતુ સંભળાય છે."ના તે બરાબર બંધબેસતું નથી, તે અહી લાવ..,કદાચ અહી લાગું પડશે...," જેમ બાળક પરિપક્વ થાય છે. તેમ તેની આ સ્વાગત વાતચીત મુક્ત થતી નથી પ્રથમ જે બોલીને ગણગણાટ કરતુ હતું તેપછી અસ્પષ્ટ ગણગણાટ કરે છે અને પછી માત્ર માર્ગદર્શન શબ્દો જ વિચારે છે. આ સ્વાગત-વાતચીત ૫ થી૭ વર્ષ દરમિયાન સૌથી મહત્તમ માત્રા હોય છે.ધીમે ધીમે ૯ વર્ષસુધીમાં અદ્રશ્ય થઈ જાય છે. તેજસ્વી બળોકોમાં આ ફેરફાર વહેલો પૂરો થાય છે.

આ પ્રક્રિયાથી બાળકના ભાષાનો ઉપયોગ અગત્યની જ્ઞાનાત્મક પ્રવૃતિઓ જેવી કે ધ્યાન ખેચવું,સમસ્યા ઉકેલવી,આયોજન કરવું,ખ્યાલોની રચના કરવી અને સ્વ-નિયંત્રણ પ્રાપ્ત કરવું વગેરે કરવા માટે કરે છે.ખાસ કરીને બાળકો મુઝવણમાં હોય,ભૂલ કરી હોય ત્યારે અંગત બોલીના ઉપયોગ વધુ કરે છે.આંતરીક બોલી માત્ર સમસ્યા ઉકેલવામાં જ નહિ,પરંતુ વર્તનને નિયંત્રિત કરવા માટે પણ થાય છે.આ સંજોગોમાં વિધાર્થીઓના અધ્યાપનથી.સંચાર કૌશલ્યનો ઉપયોગ કરતા શીખે છે.

આમ બાળકનો અલગ અલગ તબક્કાઓમાં વિકાસ થાય છે.જેમ કે આ તબ્બકે મૂર્ત સમસ્યાઓને તાર્કિક રીતે ઉકેલી શકે છે. મૂર્તનો અર્થ થાય છે.વસ્તુ કે ઘટનાની વાસ્તવિક હાજરી ૧૦ વર્ષના બાળકની સામે પદાર્થો મૂર્ત સ્વરૂપમાં મુકીને સમસ્યાઓ રજૂ કરવામાં આવે છે તો,અત્યારે તે માનસિક ક્રિયાઓ કરી શકાતુ ન હોય,પણ વસ્તુઓનું શ્રેણી બદ્ધ વર્ગીકરણ

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

કરી શકે છે.સાથે સાથે વસ્તુઓ ઉમેરી શકાય  તે અંગે નિર્ણય લઈ શકે છે. વર્ગીકરણના કોઇપણ તબક્કે સમગ અને ભાગના ખ્યાલો સ્પષ્ટ બન્યા હોય છે. મૃત વસ્તુઓને ક્રમમાં ઝડપથી ગોઠવવી શકે છે સંખ્યાની દ્રષ્ટીએ બે સન્માન સમૂહો રચી શકે છે. બાળકમાં પ્રવાહીના જથ્થામાં સાતત્યનો ખ્યાલ વિકાસ વિકસે છે તેમજ પારસ્પરીક  સંબંધનો ખ્યાલ વિકાસ પામે છે.તેને લંબાઈ,પહોળાઈ અને  સમતોલ વગેરેનો ખ્યાલ આપે છે.

આ તબક્કો એવો છે કે તેમાં પુખ્ત વિચારની મોટાભાગની લક્ષણીકતાઓ વિકાસ પામે છે.બાળક ૧૨ વર્ષની વયે તરુણા અવસ્થામાં પ્રવેશ્યો હોય છે ત્યારે તાર્કિકતાના વિકાસ સંબધિત અસંખ્ય ખ્યાલોનો વિકાસ થાયો હશે.આવિશિષ્ટ અભ્યાસોમાં તેણે ભૌતિકશાસ્ત્ર,રસાયણશાસ્ત્ર, વિજ્ઞાન,ગણિત અને અન્ય વિષયો સંબધી સમસ્યાઓને અનેક તરુણોએ નિરાકરણ કરવાનો  પ્રયત્નો કર્યો હશે. તેથી  તે કોઈ પણ  કાર્ય કરતા પહેલા કાર્યનું વિશ્લેષણ કરે છે અને પરિણામ અંગે ઉત્પલ્પના બાધે છે.આ ઉત્કલ્પનાઓ ચકાસવા માટે પ્રયોગ યોજના તૈયાર કરે  છે.અને પ્રયોગના પરિણામોનું ચોકક્યાઈ પૂર્વક અવલોકન કરે છે. અને યોગ્ય તારણો મેળવે છે આ તબક્કે તેઓ સમસ્યાને ઉકેલવા માટે મોટી સંખ્યામાં બોધાત્મક ક્રિયાઓ પ્રાપ્ત હોય છે. વિચારો વધુ ચંચળ હોય છે અને સમસ્યાને અનેક રીતે જુદાજુદા સંદર્ભમાં ઉકેલ શકે છે.આમ બાળકનો વિકાસ ભાષા કૌશલ્યના વિકાસની સારૂં થઈને  સંચાર કૌશલ્યના વિકાસ સુધી પહોચવા અલગ અલગ પાસાઓમાં યોગ્ય રીતે વિકાસ પામે છે.

## ૫ ઉપસંહાર

કોઇપણ વ્યક્તિનું જીવન ગમે તેટલું લાંબુ ન હોય કે ટુકું હોય,પરંતુ જુદા ,જુદા વયે તેના વર્તાનોમાં ભિન્નતા જોવા મળે  છે .આ વિભિન્નતાઓ ભાષા પણ  હોય છે. તેનું મુખ્ય કારણ  તેના વિકાસના  કક્ષાના વિવિધ લક્ષણો હોય છે.વ્યક્તિનું જેતે લક્ષણ સંદર્ભમાં  વર્તન તેના અલગ અલગ કક્ષાના વિકાસને અનુસાર હોય છે.આથી વ્યક્તિના સમગ્ર  જીવનને જુદી જુદી અવસ્થાઓમાં વહેંચીને પ્રત્યેક અવસ્થાએ કોઈને કોઈ લક્ષણના વિકાસની સ્થિતિના નિર્ધારિત કરી શકાય છે. સમગ્ર-જીવન કાળ દરમિયાન  ભાષા વિકાસ  અને સંચાર કૌશલ્યના વિકાસથી બાળકની  બોલચાલની રીત તેની માનસિક વિચારોનું બંધારણ વગેરે  બાબતોનો વિકાસ પર અસર કરનારી પરિબળોમાં શાળા તેનું ઘર અને પ્રથમ શિક્ષક તેની માતા.બાળકને જીવનની  શરૂઆતના પાઠ તેના ઘરમાંથી શીખે  છે.ઘરના સંસ્કાર બાળકના સાંસ્કારિક વિકાસ પર સૌથી વધુ  પ્રભાવ પાડે છે.કુટુબના સભ્યો પ્રેરક સભ્યો પૂરૂં પડે છે.તેથી  બાળકનો] માનસિક સામાજિક અને સાંવેગિક  વિકાસ યોગ્ય રીતે થાય શકે  છે.

## સંદર્ભસૂચી

૧. દેસાઈ, એચ.જી. અને દેસાઈ, કે.જી. (1992) મનોવિજ્ઞાન પરિભાષા અને વિભાવના. (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ :યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૨. દોંગા, ન.શ. (2010) શિક્ષણનું મનોવિજ્ઞાન. (બીજી આવૃત્તિ) અમદાવાદ : મૌર્ય ગ્રાફિકસ.

3. ભટ્ટ, દે સી. અને પટેલ, અ.ડી.(1989). શૈક્ષણિક મનોવિજ્ઞાન. (પાંચમી આવૃત્તિ), અમદાવાદ: યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૪. બારૈયા, વાઘજીભાઈ વી (2021) મનોવિજ્ઞાનનું અધ્યાપન. (દ્વિતીય આવૃત્તિ) અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, ગુજરાત રાજ્ય

Certificate No.:020412202411


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding

**ચૌધરી.સુચિતાકુમારી.એસ**

In recognition of the publication of the paper entitled

**પ્રારંભિક બાળ વિકાસમાં ભાષા વિકાસ અને સંચાર કૌશલ્યોનો વિકાસ**

Published in Volume 02, Issue 04, December 2024.

**EDITOR IN CHIEF**